# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ખેડૂતોના હિતોનું ધ્યાન રાખી રહી છે
2. રાજ્યભરમાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં પાંચ લાખથી વધુ કેસોનો નિકાલ કરાયો
3. વન વિભાગની જમીન ખાલી કરાવવા ગયેલી અંબાજી પોલીસ અને વન વિભાગના કર્મચારીઓ ઉપર હુમલામાં 47 ઇજાગ્રસ્ત
4. ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં બાંગ્લાદેશોની મહિલાઓને ધકેલવાના કાવતરાંનો ભરૂચ પોલીસે પર્દાફાશ કર્યો
5. ભારત- અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ધર્મશાળામાં આજે ત્રીજી ટી- 20 ક્રિકેટ મેચનો મુકાબલો

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

## CM FARMERS

સુરતમાં ગઇકાલે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા નવનિર્મિત રાજ્યના સૌથી મોટા અને સૌપ્રથમ એલિવેટેડ એટલે કે પ્રથમ માળે ભારે વાહનો અવરજવર કરી શકે તેવા અદ્યતન માર્કેટયાર્ડનું લોકાર્પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. અહિં આવતા ખેડૂતો, વેપારીઓ તથા શ્રમિકો માટે વિનામૂલ્યે પ્રાથમિક સારવાર કેન્દ્ર, બિયારણ વિતરણ કેન્દ્રનું લોકાર્પણ મુખ્યમંત્રીએ કર્યું હતું. આ પ્રસંગે બોલતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે સરકાર હંમેશા ખેડૂતોના હિતોને ધ્યાનમાં રાખીને કાર્યકરી રહી છે.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

..................................

## SIR SMIKHSHA-DISTRICT

મતદાર યાદી સુધારણા કાર્યક્રમ - SIR અંતર્ગત વિવધ જિલ્લાઓ માં જિલ્લા કક્ષાની સમીક્ષા બેઠકો યોજાઈ રહી છે. જેમાં મતદાર યાદીની ચોકસાઈ, પારદર્શિતા અને સમયબદ્ધ પૂર્ણતા માટે જરૂરી સૂચનાઓ તથા માર્ગદર્શન, આપવામાં આવે છે.

પાટણ ખાતે જિલ્લા પ્રભારી સચિવ મમતા વર્માની અધ્યક્ષતામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ - SIR અંતર્ગત જિલ્લા કક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં ડિજિટાઇઝેશનની કામગીરીમાં પાટણ જિલ્લો સમગ્ર રાજ્યમાં દ્વિતીય ક્રમાંકે હોવાનો ગૌરવપૂર્ણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

અમદાવાદ જિલ્લામાં ચૂંટણી તંત્ર દ્વારા મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ (SIR) અંતર્ગત 100 ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ત્યારે આ સંદર્ભે કલેક્ટર કચેરી ખાતે રોલ ઑબ્ઝર્વર મુકેશ કુમારની અધ્યક્ષતામાં તમામ 21 વિધાનસભા મતવિસ્તારોના ERO સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ અંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુજીત કુમારે વિગતો આપતાં જણાવ્યું હતું કે અમદાવાદ જિલ્લામાં રાજ્યના કુલ મતદારોના 12 ટકાથી વધારે મતદારો નોંધાયેલા છે. છતાં જિલ્લામાં SIR સંદર્ભે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

..................................

## LOK ADALAT – CASE NIKAL

રાષ્ટ્રીય લોક અદાલતમાં ગઇકાલે રાજ્યમાં વિવિધપ્રકારનાકુલ 6 લાખ 2 હજાર 678 કેસ મૂકવામાં આવ્યા હતા. જેમાં 1 હજાર 379 કરોડના પાંચ લાખ કેસોનો સુખદ નિકાલ કરવામાં આવ્યો છે.

..................................

# LOK ADALAT DISTRICT

જામનગરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન ડિસ્ટ્રીકટ કોર્ટ ખાતે કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ જજ એન.આર.જોષી ના માર્ગદર્શન હેઠળ લોક અદાલત યોજાય હતી. લોક અદાલતમાં કુલ 13 બેંક 4 સરકારી કચેરીઓ Bsnl, ગુજરાત ગેસ, PGVCL ના 9500 કેસ લોક મુકવામાં આવ્યા હતા, જે પેક રાષ્ટ્રીય  કુલ 7,274 કેશોનો નિકાલ કરવામાં આવ્યો હતો

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં રાષ્ટ્રીય લોક અદાલતનું જિલ્લા અને સત્ર ન્યાયાધીશ શ્રી રાજેશ તિવારીએ શુભારંભ કરાવ્યો હતો. આ લોકઅદાલતમાં એક હજાર 597 થી વધારે કેસ મૂકવામાં આવ્યા હતા. જેમાં પંચાયતના ટેક્સ, બેન્કિંગ, સિવિલ, ઘરેલુ હિંસા સહિત અનેક કેસોનું સમાધાન થયું હતું.

સાબરકાંઠા જિલ્લાની તમામ અદાલતોમાં આ વર્ષની છેલ્લી રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું. સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય લોક અદાલતમાં

કુલ - ૧૨ હજાર ૫૪૩ કેસોનો સમાધાન  કરાયું.

મહેસાણા જિલ્લા અદાલત તથા તાલુકા કક્ષાએ તમામ તાલુકા અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ ગઈ. જેમાં કુલ - ૧૭ હજાર ૭૯૩ કેસોનો નિકાલ  કરાયો હતો.

. . . . . . . . . . . . .

## BK FOREST OFFICER ATTACKED

બનાસકાંઠાના અંબાજી પાસે પોલીસ અને ફોરેસ્ટ કર્મચારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. અંબાજી નજીક પાડલીયા ગામે વન વિભાગની જમીન ખાલી કરાવવાને લઈ વન વિભાગના કર્મચારીઓ અને પોલીસ પર હુમલો કરવામાં આવ્યો હતો, આ હુમલામાં PI સહિત પોલીસ અને વન વિભાગના 47 કર્મચારીઓ ઘાયલ થયા હતા, ઇજાગ્રસ્તોને અંબાજીની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ બાદ જીલ્લા કલેક્ટર મિહિર પટેલે અંબાજી હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા કર્મચારીઓની અને અધિકારીઓની મુલાકાત લીધી હતી.

(બાઇટ- મિહિર પટેલ , કલેક્ટર, બનાસકાંઠા)

..................................

# WEATHER

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં બેવડી ઋતુ યથાવત રહે તેવી શક્યતા છે.

રાજ્યમાં સૌથી નીચું તાપમાન નલિયામાં 9.8 ડિગ્રી સેલ્સિયસ, અમદાવાદમાં લઘુત્તમ તાપમાન 14 ડિગ્રી નોંધાયું. આગામી 4 દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં વધારો થતા ઠંડીમાં ઘટાડો થવાની શક્યતા છે. હાલ પવનની દિશા પૂર્વીય તરફ થતા ઠંડીનો અનુભવ થશે.

રાજ્યમાં અત્યારે મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે, હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ. કે. દાસના જણાવ્યા અનુસાર આગામી 7 દિવસ વાતાવરણ સૂકું રહશે. આગામી 5 દિવસ તાપમાન યથાવત રહશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

ગોન્ગા મ્યુઝિક

....................................

## BHARUCH BANGLADESHI WOMEN ARREST

બાંગ્લાદેશની ગરીબ અને જરૂરિયાતમંદ મહિલાઓને કામની લાલચ આપી ભારત લાવી ગેરકાયદે પ્રવૃત્તિઓમાં ધકેલવાના કૌભાંડનો ભરૂચ પોલીસે પર્દાફાશ કર્યો...બાંગ્લાદેશની સરહદ નજીક રહેતા એક એજન્ટ દ્વારા 60 મહિલાઓને બાંગ્લાદેશથી ભારત લાવી ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતના અલગ અલગ વિસ્તારમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ

આચરાવતી હોવાનું હોવાનું બહાર આવ્યું છે..પશ્ચિમ બંગાળના બોગસ દસ્તાવેજના આધારે આ બાંગ્લાદેશી મહિલાઓને ભારતીય ઓળખના પુરાવા બનાવી અલગ અલગ રાજ્યમાં મોકલાતી હતી. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ અને એસ ઓ જી એ ભરૂચની એક સોસાયટી માંથી 12 પીડિતાઓને મુક્ત કરાવાઈ હોવાનુ જીલ્લા પોલીસ અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું.

(Byte- Akshay Raj Makwana, District Police Chief, Bharuch)

..................................

# VIMA YOJNA

રાજ્ય સરકારે સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના દ્વારા રાજ્યના લાખો પરિવારોને ઢાલ પૂરી પાડી છે. હાલમાં રાજ્યના ચાર કરોડ બાર લાખથી વધુ નાગરિકોનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ........

(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)

**રાજ્ય સરકારની વીમા નિયામકની કચેરી દ્વારા સંકલિત સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના અંતર્ગત અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા 30 થી વધુ મૃતકો સહિત ચાર મેડિકલ વિદ્યાર્થીઓના વારસદારોને વીમાની ચૂકવણી કરવામાં આવી છે. ઉપરાંત હરણી દુર્ઘટના મોરબી**

દુર્ઘટના, રાજકોટ ગેમિંગ ઝોન દુર્ઘટના, તક્ષશીલા દુર્ઘટના વખતે પણ મૃતકોના પરિવારોને આ યોજના હેઠળ વીમા કવચ રકમની ચૂકવણી કરવામાં આવી હતી.

અજય ઈન્દ્રેકર, આકાશવાણી સમાચાર અમદાવાદ.

. . . . . . . . . . . . .

## CRICKET

**ક્રિકેટમાં ભારત આજે સાંજે ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે શ્રેણીની ત્રીજી T20 મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આ મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે. 5 મેચની શ્રેણી હાલમાં 1-1 થી બરાબર છે.**

**શ્રેણીની ચોથી મેચ બુધવારે લખનઉમાં રમાશે, જ્યારે અંતિમ મેચ શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.**

..................................

# MORBI- VIJ BACHAT RALLY

મોરબીમાં પીજીવીસીએલ દ્વારા વીજ સલામતી અને ઉર્જા બચત રેલી યોજાઈ ગઈ.

રેલી દરમિયાન વીજ બચત, વીજ સલામતી તથા ગ્રીન એનર્જી અંગેના સંદેશો ધરાવતા બેનર અને પોસ્ટરો સાથે કર્મચારીઓએ

જનજાગૃતિ ફેલાવી હતી. ડિસેમ્બર મહિનામાં વીજ બચત અને વીજ સલામતીને ધ્યાનમાં રાખી વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જરૂર ન હોય ત્યારે વીજ ઉપકરણોની સ્વીચ બંધ રાખીને વીજ બચત કરવી જોઈએ, તેમ મોરબી વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર ડી.આર.કારિયાએ જણાવ્યું હતું.

(BYTE- D.R.KARIYA, Superintendent Engineer)

. . . . . . . . . . . . . .

## SP UNI CONVOCATION

સરદાર પટેલ યુનિવર્સિટીનો ૬૮ મો પદવીદાન સમારંભ આવતીકાલે સવારે 10-00 કલાકે સરદાર પટેલ યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલય સામે આવેલા માનવ વિદ્યાભવનના પટાંગણમાં યોજાશે. આ દિક્ષાંત સમારંભમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રત આશીર્વચન પાઠવશે.

આ સમારંભમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ.મિનેશ શાહ દીક્ષાંત પ્રવચન આપશે. ગુજરાત રાજ્યના ઉચ્ચ અને તકનિકી શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા ઉપસ્થિત રહેશે. સરદાર પટેલ યુનિવર્સિટીના ૬૮માં પદવીદાન સમારંભમાં કુલ ૧૬,૯૬૩ વિદ્યાર્થીઓને તેઓની ડિગ્રી ડીજી લોકરમાં આપવામાં આવશે તેમજ હાર્ડ કોપી પણ આપવામાં આવશે.

................................

## GMFB TRAINING

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓના પદાધિકારીઓ અને અધિકારીઓ માટે વર્ચ્યુઅલ તાલીમ સેમિનાર યોજાયો.. તાલીમમાં 35 નગરપાલિકાઓના 1200 જેટલા ચૂંટાયેલી પાંખના પદાધિકારીઓ, અધિકારીઓ તથા કર્મચારીઓ સેમિનારમાં સહભાગી થયા.. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સરકાર તરફથી ફાળવવામાં આવતી ગ્રાંટ અન્વયે ચોકસાઇપૂર્વકનું આયોજન કરી શકે, નાગરિકોને આપવામાં આવતી જાહેર સુવિધાઓ તથા સુખાકારીમાં વધારો થાય, અને વિકાસના કામો માટે સુવ્યવસ્થિત ભૌતિક તેમજ નાણાંકીય આયોજન થઈ શકે તે હેતુથી આ સેમિનારનું આયોજન કરાયું છે.

................................

## DHARI POLICE STATION ISO 9001_2015

અમરેલી જિલ્લામાં આવેલી ધારી ડિવિઝન DYSP કચેરી અને પોલીસ સ્ટેશનને ISO 9001:2015 પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. તેમની ઉત્તમ કાર્યપદ્ધતિ, સેવા ગુણવત્તા અને વ્યવસ્થાપક પ્રણાલીમાં

શ્રેષ્ઠતા બદલ આ સન્માન મળ્યું છે. આ પ્રમાણપત્ર દ્વારા બંને કચેરીઓની કામગીરીને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરની ગુણવત્તા માન્યતા પ્રાપ્ત થઈ છે.

………………………………

# RAILWAY - STOPPAGE

યાત્રીઓની માંગણીને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા કલોલ રેલવે સ્ટેશન પર ચાર ટ્રેનોને વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

જેમાં વલસાડ-વડનગર એક્સપ્રેસ, દિલ્લી સરાય રોહિલ્લા-બાન્દ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ 16 ડિસેમ્બરે, કેએસઆર બેંગલુરૂ-જોધપુર એક્સપ્રેસ 17 ડિસેમ્બરે, જોધપુર-કેએસઆર બેગલુરૂ એક્સપ્રેસ 18 ડિસેમ્બરેથી, સાબરમતી-મુજફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ 20 ડિસેમ્બરથી કલોલ સ્ટેશન પર પ્રાયોગિક ધોરણ પર વધારાનો સ્ટોપેજ જવા આવવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .